eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION
Issue 131
February 21, 2008

## ઈ.ડબલ્યુએસઆવાસોના ફ્લેટો સીલ મારવાની પશ્ચિમઝોન(રાંદેર) ની કામગીરી

સુરત મહાનગરપાલિકાના પશ્ચિમઝોન(રાંદેર)માંઆવેલ જુદી જુદી શહેરી ગરીબ આવાસ યોજનાઓ પૈકીની ટી.પી.સ્કીમ નં.૧૩, ફા.પ્લોટ નં.૪૯,સરસ્વતિ વિધાલયની સામે, હનીપાર્ક રોડ ઉપર પ્રથમ રો–હાઉસ અને પ્રતિક્ષા રો–હાઉસની બાજુમાં કુલ્લે –૩૦૦ ફ્લેટ સંખ્યાની ઈ.ડબલ્યુ.એસ.આવાસ યોજના આવેલી છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## આકારણી અને વસુલાત વિભાગ નોર્થઝોન(કતારગામ)ની કામગીરી

૨૦૦૭–૦૮ ના નાણાંકીય વર્ષના સીધાવેરાના લક્ષ્યાંકો પુરા કરવા માટે શ્રી સી.જે.ગામીત ડે.કમિશનરશ્રી(પ.અને ઈ. )ની સુચના તેમજ કાર્યપાલક ઈજનેરશ્રી ખાટીવાળાના માર્ગદર્શન હેઠળ કતારગામ ઝોન વિસ્તારમાં આવેલ મિલ્કતોના બાકી મિલ્કતવેરાદારોની મિલ્કતો સીલ કરવાની કાર્યવાહી શરૂ કરવામાં આવેલ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## આકારણી અને વસુલાત વિભાગની બાકી મિલ્કતદારોની મિલ્કતોને સીલ મારવાની નોર્થઝોન(કતારગામ)ની કામગીરી

૨૦૦૭–૨૦૦૮ ના નાણાંકીય વર્ષના સીધાવેરાના લક્ષ્યાંકો પુરા કરવા માટે શ્રી સી.જે.ગામીત ડે.કમિશનરશ્રી(પ.અને ઈ )ની સુચના તેમજ કાર્યપાલ ઈજનેરશ્રી ખાટીવાળાના માર્ગદર્શન હેઠળ આજરોજ કતારગામ વિસ્તારમાં મિલ્કતોને સીલ મારવાની કાર્યવાહી શરૂ કરવામાં આવેલ.

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ ઝોન ( ઉધના ) ધ્વારા ગેરકાયદેસર બાંધકામ દુર કરી બાંધકામનો સામાન સ્ટીલ, સીમેન્ટની જપ્તી



ગ્લોસ્ટર (યુ. કે.)ના મા. મેયર મી. હરજીત ગીલ સુરત મહાનગરપાલિકાની મુલાકાતે આવેલ. જેઓ ગ્લોસ્ટરના પ્રથમ એશિયન મેયર બન્યા છે. કમિશનરશ્રી એસ. અપર્ણાએ મેયરશ્રી હરજીત ગીલનું સ્વાગત કરતા જણાવ્યું કે સુરત શહેરની ઐતિહાસીક અને ભૌગોલીક પ્રશ્ચાદ ભૂ માં સુરતની હાલની વસ્તી, વિસ્તાર અને ગીચતા સાથે સુરત મહાનગરપાલિકાના વિવિધ પ્રકલ્પો અને વિકાસ કામોની ઝાંખી કરાવતા જણાવ્યું હતુ કે સુરત એક વિકાસ પામતુ શહેર છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## સબજેલમાં ક્ષય નિયંત્રણ અંગેનો આરોગ્ય વિભાગનો કાર્યક્રમ સંપન્ન

સુરત મહાનગર પાલિકા ધ્વારા તા.૨૦/૦૨/૨૦૦૮ ના રોજ સબજેલમાં ટીબી રોગ અંગે જાગૃતિ લાવવા અંગે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમમાં સુરત મહાનગરપાલિકાના સીટી ટીબી ઓફિસર ર્ડા. કે.એન.શેલડીયા, મેડીકલ ઓફિસર ર્ડા. કેતન ગરાસિયા ઉપરાંત સુરત મહાનગર પાલિકાની ટીબી કંટ્રોલ પ્રોગ્રામની ટીમ હાજર રહી હતી.



વધુ માટે કલીક કરો >>>>>>

## વરાછા ઝોનની ઈમ્પેકટ ફી વસુલાતની કામગીરી

ટી.પી.સ્કીમ નં.૮ ( ઉમરવાડા ), ફા. પ્લોટ નં.૧૫/૨, માં આવેલ અરીહંત પાર્ક એપા. દુકાન નં. ૧ થી ૫ વાળી મિલ્કતમાં અરજદારશ્રી/કબજેદારશ્રી ધ્વારા અત્રેની કચેરી તરફથી નોટીસ આપવા છતાં ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પૂર્વઝોન ( વરાછા ) ની સુધ્ધીનગર ઝુંપડપટ્ટીના ડીમોલીશનની કામગીરી

સુરત મહાનગરપાલિકાના પૂર્વઝોન(વરાછા)માંથી પસાર થતો સુરત–કામરેજ મેઈનરોડ ૨૦૦ નો છે. કામરેજ તરફ જતાં નાના વરાછા ગામ પાસે સુધ્ધીનગર ઝુંપડપટ્ટી આવેલ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં ડી.પી./ટી.પી. ના રીઝર્વેશન હેઠળના પ્લોટોની અધિકારીઓની જવાબદારી

અગાઉ સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં ડી.પી./ટી.પી. ના રીઝર્વેશન હેઠળના પ્લોટોમાં કોઈ પણ બાંધકામ ન થાય અને યથાવતપરિસ્થિતિ જળવાઈ રહે તે માટે દરેક ઝોનના અધિકારીઓએ સ્થળ ચકાસણી કરી સ્થળ અંગે માહિતી મેળવવાની સુચના આપવામાં આવી હતી. તથા ગેરકાયદેસર બાંધકામ માલુમ પડે તો તાત્કાલીક દુર કરવાની સુચના આપવામાં આવેલ.

વધુ માટે કલીક કરો >>>>>>

# ઈ.ડબલ્યુએસઆવાસોના ફલેટો સીલ મારવાની પશ્ચિમઝોન(રાંદેર) ની કામગીરી

સુરત મહાનગરપાલિકાના પશ્ચિમઝોન(રાંદેર)માંઆવેલ જુદી જુદી શહેરી ગરીબ આવાસ યોજનાઓ પૈકીની ટી.પી.સ્કીમ નં.૧૩, ફા.પ્લોટ નં.૪૯,સરસ્વતિ વિધાલયની સામે, હનીપાર્ક રોડ ઉપર પ્રથમ રો–હાઉસ અને પ્રતિક્ષા રો–હાઉસની બાજુમાં કુલ્લે –૩૦૦ ફલેટ સંખ્યાની ઈ.ડબલ્યુ.એસ.આવાસ યોજના આવેલી છે. આ આવાસો–સુરત શહેરમાં બોમ્બે માર્કેટ વિસ્તારમાં મેડીકલ કોલેજના નિર્માણ માટે સ્થળાંતર કરેલ ઝુંપડાવાસીઓ તથા અશ્વનિકુમાર મુખ્ય માર્ગ ઉપરથી સ્થળાંતર કરેલ ઝુંપડાવાસીઓને વૈકલ્પિક વસવાટ તરીકે ફાળવવામાં આવેલા.

સને–ર૦૦૩માં આવાસ ફાળવણી કરાયા બાદ તથા લાભાર્થીઓને સુરત મહાનગરપાલિકા કુલ્લે –૩૦૦ ફલેટ સંખ્યાની ઈ.ડબલ્યુ.એસ.આવાસ યોજના આવેલી છે. આ આવાસો–સુરત શહેરમાં બોમ્બે માર્કેટ વિસ્તારમાં મેડીકલ કોલેજના નિર્માણ માટે સ્થળાંતર કરેલ ઝુંપડાવાસીઓ તથા અશ્વનિકુમાર મુખ્ય માર્ગ ઉપરથી સ્થળાંતર કરેલ ઝુંપડાવાસીઓને વૈકલ્પિક વસવાટ તરીકે ફાળવવામાં આવેલા.

સને–ર૦૦૩માં આવાસ ફાળવણી કરાયા બાદ તથા લાભાર્થીઓને સુરત મહાનગરપાલિકા ધ્વારા તમામ પ્રાથમિક સુવિધાઓ આપવામાં આવ્યા છતાં અને આવાસની ખૂબ જ સરળ હપ્તાની નકકી કરેલી રકમ છતાં આ ઈ.ડબલ્યુ.એસ.આવાસના લાભાર્થીઓ ધ્વારા હપ્તા ભરવામાં આડોડાઈ દર્શાવવાથી અને વારંવાર વેસ્ટઝોન કચેરી ધ્વારા આવાસના હપ્તા નિયમિત ભરવાની તાકીદ કરાયા છતાં લાભાર્થીઓ ધ્વારા આવાસના હપ્તા ભરવા ભારોભાર દુર્લક્ષ સેવવામાં આવેલ. આથી આજરોજ મા.કમિશ્નરશ્રીની સુચનાથી અને ઝોનના ઝોનલ ચીફશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ પશ્ચિમ ઝોન કચેરીના જમીન મિલ્કત તથા દબાણ સ્ટાફ અને રાંદેર પોલીસ સ્ટેશનના સ્ટાફની મદદથી સ્થળ ઉપર આવાસોના ફલેટો સીલ મારવાની કાર્યવાહી કરેલી. જે પૈકી કુલ્લે–૪૦ ફલેટો પ્રથમ તબકકામાં સીલ મારવામાં આવેલ છે. જે પૈકી આઠ ફલેટોના હપ્તાની રકમ સ્થળ ઉપર ભરાતા તેના સીલ ખોલી આપેલ છે. અને આમ કુલ્લે–૩ર ફલેટો સીલ મારી વપરાશ માટે બંધ કરવામાં આવેલ છે. વધુમાં ફલેટો ગેરકાયદેસર રીતે ભાડે આપેલાની અનિયમિતતા પણ શોધી લેવામાં આવેલ છે. જેની કાર્યવાહી પણ હાથ ધરાનાર છે.

ઉપરોકત શિક્ષાત્મક કાર્યવાહી કરાતાં, ઈ.ડબલ્યુ.એસ.આવાસોમાં બાકી હપ્તાની વસુલાત માટે ઝોન કચેરીએ લાભાર્થીઓ ધ્વારા હપ્તાની બાકી રકમ ભરવા તાત્કાલિક ધસારો કરેલ છે. આ રીતે અન્ય ઈ.ડબલ્યુ.એસ.આવાસોમાં જયાં પણ લાભાર્થીઓ ધ્વારા આજદિન સુધીની પુરતી હપ્તાની રકમ ભરેલ નથી તેવા લાભાર્થીઓ સામે પણ ફલેટો સીલ મારવા સહિતની કડક શિક્ષાત્મક કાર્યવાહી ચાલુ રખાશે.

TOP

# આકારણી અને વસુલાત વિભાગ નોર્થઝોન(કતારગામ)ની કામગીરી

૨૦૦૭–૦૮ ના નાણાંકીય વર્ષના સીધાવેરાના લક્ષ્યાંકો પુરા કરવા માટે શ્રી સી.જે.ગામીત ડે.કમિશનરશ્રી(પ.અને ઈ. )ની સુચના તેમજ કાર્યપાલક ઈજનેરશ્રી ખાટીવાળાના માર્ગદર્શન હેઠળ કતારગામ ઝોન વિસ્તારમાં આવેલ મિલ્કતોના બાકી મિલ્કતવેરાદારોની મિલ્કતો સીલ કરવાની કાર્યવાહી શરૂ કરવામાં આવેલ છે. તેના અનુસંધાનમાં તા.૨૧/૦૨/૨૦૦૮ના રોજ વોર્ડ નં.૧૫ એચ, નોંધ નં.૩૮૬ થી ૩૯૩ થી નોંધાયેલ અને સુરત રેલ્વે સ્ટેશન સામે આવેલ આયુર્વેદિક હોસ્પિટલની બાજુમાં આવેલ હોટલ વરૂણ હોટલ નામની મિલ્કતના માલિક શ્રી વસંતભાઈ હીરાલાલ શાહ, મિલ્કતવેરો ભરપાઈ કરતાં ન હોવાથી મિલ્કતવેરાના બાકી નીકળતા રૂા.૪,૧૪,૩૦૦/–વસુલ કરવા આકારણી અને વેરા વસુલાત અધિકારી શ્રી દિપક શુકલ અને ખાતાના સ્ટાફ તેમજ આરોગ્ય વિભાગના ચીફ સેનેટરી ઈન્સ્પેકટર અને શહેરી વિકાસખાતાના અધિકારી, કર્મચારીને સાથે રાખી હોટલવાળી આખી મિલ્કતને સંપુર્ણ સીલ કરી દેતાં મિલ્કતના માલિકે સ્થળ ઉપર રૂા.૪,૧૪,૩૦૦/–બેંક ડ્રાફટથી ચૂકવી આપેલા તેમજ તા.૨૨/૦૨/૨૦૦૮ના રોજ વોર્ડ નં.૧૫ સી, મ્યુનિ.ગોટાલાવાડી ટેનામેન્ટ એ,બી,સી, વિભાગના ટેનામેન્ટમાં વેરા વસુલાતની ધનિષ્ઠ ઝુંબેશ કરતાં ધણા વર્ષોથી બાકી મિલ્કતદારોની ૪ મિલ્કત (ટેનામેન્ટ) સીલ કરવામાં આવી અને ૨ મિલ્કત (ટેનામેન્ટ)ના નળ કનેકશન કાપવામાં આવ્યા તેમજ ૨૨ મિલ્કત (ટેનામેન્ટ)ના સ્થળ ઉપર જ રૂા. ૬૦,૦૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

કતારગામ ઝોન ધ્વારા વિવિધ સોસાયટી વિસ્તારમાં રૂબરૂ કર્મચારીઓને મોકલી સ્થળ ઉપર મિલ્કતવેરા વસુલાત કરવાની મિલ્કતોને સીલ કરવાની, તેમજ જરૂર પડે નળ કનેકશન કાપવા વિગેરેની કાર્યવાહી કરવામાં આવે છે. આથી બાકી મિલ્કતવેરાદારે સમયસર વેરો ભરી સહકાર આપવા નમ્ર અપીલ છે.

TOP

## આકારણી અને વસુલાત વિભાગની બાકી મિલ્કતદારોની મિલ્કતોને સીલ મારવાની નોર્થઝોન(કતારગામ)ની કામગીરી

૨૦૦૭–૨૦૦૮ ના નાણાંકીય વર્ષના સીધાવેરાના લક્ષ્યાંકો પુરા કરવા માટે શ્રી સી.જે.ગામીત ડે.કમિશ્નરશ્રી(પ.અને ઈ )ની સુચના તેમજ કાર્યપાલ ઈજનેરશ્રી ખાટીવાળાના માર્ગદર્શન હેઠળ આજરોજ કતારગામ વિસ્તારમાં મિલ્કતોને સીલ મારવાની કાર્યવાહી શરૂ કરવામાં આવેલ. તેના અનુસંધાનમાં તા.૧૯–૦૨–૨૦૦૮ ના રોજ વોર્ડ નં.૧૯ ઈ ઉત્કલનગર ઝુંપડપટ્ટીના વિસ્તારમાં સ્થળ પર જઈ ૪ મિલ્કતો સીલ કરવામાં આવેલ તથા રૂા. ૭૧૦૦૦/– રોકડા સીધાવેરાના નાણાં વસુલ કરવામાં આવેલ તથા ડભોલી રોડ ગાયત્રીનગર તથા નંદનવન સોસાયટી લલીતા ચોકડી વિસ્તારમાં મિલ્કતોને સીલ કરવાની કામગીરી દરમ્યાન મિલ્કતવેરા પેટે રૂા. ૩૭૭૭૦/– કરદાતાઓએ તુરત જ સ્થળ ઉપર નાણા ભરપાઈ કરેલ છે. વોર્ડ નં.૧૯ એચ ફુલપાડા રોડ ઉપર આવેલ સ્મૃતિ કો.ઓ.હા.સોસાયટીમાં જુદા જુદા મિલ્કતદારો પાસે મિલ્કતવેરાની સ્થળ ઉપર રૂા.૨૭૨૦૦/– તથા રૂા.૨૫૦૦૦/– ના એડવાન્સ ચેક મેળવેલ છે. તેમજ વોર્ડ નં.૧૫ બી, સુમુલડેરી રોડ ઉપર આવેલ મિલીન્દનગર ઝુપડપટ્ટી વિસ્તારના જુદા જુદા ઝુપડા ધારકો પાસેથી મિલ્કતવેરાની સ્થળ ઉપર રૂા. ૧૮૦૫૦/–ની વસુલાત કરવામાં આવી છે. આમ કુલ રૂા.૧,૫૪,૦૪૦/–રોકડાની વસુલાત કરેલ છે.

TOP

# સાઉથ ઝોન ( ઉધના ) ધ્વારા ગેરકાયદેસર બાંધકામ દુર કરી બાંધકામનો સામાન સ્ટીલ, સીમેન્ટની જપ્તી



સાઉથ ઝોન ( ઉધના ) વિસ્તારમાં મોજે જીયાવ બ્લોક નં.૪૭૦, ૪૭૧, ૪૭૪, ૪૭૬ માં સુરત અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટી ( સુડા ) વાળા તા.૨૨/૦૧/૨૦૦૩ થી લો કોસ્ટ ટાઈપ રહેઠાણ માટેના હેતુ માટેના બાંધકામના પ્લાન મંજુર થયેલ હતા. જેમાં પ્રિયંકા ગ્રીનપાર્ક સોસાયટીના બાંધકામ થયેલ હતા. સદર મંજુર પ્લાનમાં દક્ષિણ બાજુએ ટ્રાન્સપોર્ટ ગોડાઉન અને માર્કેટ યાર્ડ સુ.મ.પા.ટી.એમ,–૬૪ ના હેતુ માટેનું બ્લોક નં.૪૭૦,૪૭૬,૪૭૪ પૈકીમાં રીઝર્વેશન મુકાયેલ હતું. જેમાં ઓર્ગેનાઈઝર જીતુભાઈ ચાવડા ધ્વારા બાંધકામ ચાલુ કરેલું હતું. સદર રીઝર્વેશન પ્લોટ અંદાજે ૧૩૮ જેટલાં યુનિટોમાં પ્લીથનું તેમજ લીન્ટંલ લેવલનું આર.સી.સી.બાંધકામ ચાલુ કરેલ હોઈ, જે તા.૨૨/૦૨/૨૦૦૮ ના રોજ સાઉથ ઝોન (ઉધના) ના દબાણ સ્ટાફ, જે.સી.બી.મશીન–૩, લોડર–૨ મળી કુલ્લે–૫(પાંચ) મશીનરીનો ઉપયોગ કરી અંદાજે રૂા.૪૭,૫૨૫.૦ ચો.ફુટનું બાંધકામ દુર કરી પ્લોટ ખુલ્લો કરવામાં આવેલ છે. તેમજ સ્થળ પર બાંધકામનો સામાન સ્ટીલ, સીમેન્ટ, વિગેરે જપ્ત કરેલ છે.



સાઉથઝોન (ઉધના)વિસ્તારમાં મોજે બમરોલીના બ્લોક નં.૨૭૮ માં ગાયત્રીનગરના સી.ઓ.પી.માં બમરોલી સુચિત ટાઉન પ્લાનીંગ સ્કીમ ૫૮ (બમરોલી) માં રીઝર્વેશનના પ્લોટ આર.૭૧ માં નિર્ધારીત નિયમ કરતાં વધુ ઉંચાઈએ કમ્પાઉન્ડ દીવાલ કરી અંદરના ભાગે બાંધકામ ચાલુ કરેલ હતું. સદર બાંધકામ તેમજ કંપાઉન્ડ વોલ આશરે ૨૫૦૦ ચો.ફુટ અત્રેના દબાણ સ્ટાફ રહીને દૂર કરવામાં આવેલ છે.

TOP

## સબજેલમાં  ક્ષય નિયંત્રણ અંગેનો આરોગ્ય વિભાગનો કાર્યક્રમ સંપન્ન



સુરત મહાનગર પાલિકા ધ્વારા તા.૨૦/૦૨/૨૦૦૮ ના રોજ સબજેલમાં ટીબી રોગ અંગે જાગૃતિ લાવવા અંગે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમમાં સુરત મહાનગરપાલિકાના સીટી ટીબી ઓફિસર ડૉ. કે.એન.શેલડીયા, મેડીકલ ઓફિસર ડૉ. કેતન ગરાસિયા ઉપરાંત સુરત મહાનગર પાલિકાની ટીબી કંટ્રોલ પ્રોગ્રામની ટીમ હાજર રહી હતી. આ પ્રોગ્રામમાં લગભગ ૩૫૦ જેટલા કેદીઓ ઉપરાંત જેલના કર્મચારીઓએ હાજરી આપી હતી.જેમાં ટીબી રોગના લક્ષણો, ટીબીનો ફેલાવો, ટીબીનું નિદાન તથા ડોટસ સારવાર અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. ટીબીનું નિદાન તથા ડોટસ સારવાર સુરત મહાનગરપાલિકામાં તમામ હેલ્થ સેન્ટર પર મફત ઉપલબ્ધ છે. તથા ''ડોટસ '' ટીબીનો એકમાત્ર અકસીર ઈલાજ છે. જેથી માહિતી પણ આપવામાં આવી હતી.

સમાપન વેળાએ કેદીઓએ પ્રશ્નો પૂછી અને પોતાની મૂંઝવણ દુર કરી હતી અને કેટલાક કેદીઓએ પાન, માવો, તમાકુ જેવા વ્યસનો ન કરવા અંગે પણ પોતાના મંતવ્યો રજૂ કર્યા હતા.

TOP

## વરાછા ઝોનની ઈમ્પેકટ ફી વસુલાતની કામગીરી

ટી.પી.સ્કીમ નં.૮ ( ઉમરવાડા ), ફા. પ્લોટ નં.૧૫/૨, માં આવેલ અરીહંત પાર્ક એપા. દુકાન નં. ૧ થી ૫ વાળી મિલ્કતમાં અરજદારશ્રી/કબજેદારશ્રી ધ્વારા અત્રેની કચેરી તરફથી નોટીસ આપવા છતાં, ઈમ્પેકટ ફી પેટે ભરવાની થતી રકમ રૂા. ૧,૯૦,૯૦૦/– ભરપાઈ કરવામાં આવતી ન હોય, અત્રેથી પૂર્વઝોન (વરાછા) ધ્વારા આજરોજ દુકા ન નં.૧ થી ૩ તથા ૫ વાળી મિલ્કતમાં સીલ મારવામાં આવેલ છે. તેમજ દુકાન નં.૪ માં વસવાટ ચાલુ હોય કબજેદારશ્રી ને તા.૨૫/૦૨/૨૦૦૮, સોમવાર સુધીમાં ઈમ્પેકટ ફી ભરપાઈ કરવા માટે મુદ્દત આપવામાં આવેલ છે.

TOP

## પૂર્વઝોન ( વરાછા ) ની સુધ્ધોનગર ઝુંપડપટ્ટીના ડીમોલીશનની કામગીરી

સુરત મહાનગરપાલિકાના પૂર્વઝોન(વરાછા)માંથી પસાર થતો સુરત–કામરેજ મેઈનરોડ ર૦૦ નો છે. કામરેજ તરફ જતાં નાના વરાછા ગામ પાસે સુધ્ધોનગર ઝુંપડપટ્ટી આવેલ છે. આ ઝુંપડપટ્ટીના કુલ ૧૧ ઝુંપડાં તથા પ દુકાનો ર૦૦ ના ટી.પી.રસ્તામાં આવેલ હતી. હાલમાં નાના વરાછા ગામ પાસે ફલાય ઓવર બ્રીજનું કામ પૂર્ણતાના આરે છે. મેઈનરોડ પર સુધ્ધોનગર ઝુંપડપટ્ટીનું આ દબાણ ટ્રાફીક ને ખૂબ જ અડચણરૂપ હતું. ટી.પી.રોડની અસરમાં આવતા વર્ષો જુના ઝુંપડાઓને વૈકલ્પીક વ્યવસ્થા સુ.મ.ન.પા. ધ્વારા માનવતાને ધોરણે આપવામાં આવે છે. જે અન્વયે સ્થા.સ.ના.ઠરાવ ને આધિન આ કુલ–૧૧ ઝુંપડવાસીઓને ટી.પી. ર૧ ભેસ્તાન ખાતે આવેલ વામ્બે આવાસમાં વૈકલ્પીક વ્યવસ્થા ફાળવવામાં આવેલ છે. ર૦૦ ના ટી.પી.રસ્તાની અસરમાં આવતા આ ૧૧ ઝુંપડા તથા પ દુકાનોને દૂર કરવામાં આવતા આશરે કુલ –૩૦૦૦ ચો.ફુટ જેટલી ટી.પી.રસ્તાની જગ્યા ખુલ્લી થવા પામેલ છે. જેના થકી નાના વરાછા ગામ પાસે થતું ટ્રાફિકનું ભારણ હળવું થશે.

ઉપરોકત કામગીરી ઈસ્ટ ઝોન (વરાછા)નો દબાણસ્ટાફ, સીકીયોરીટી સ્ટાફ–૧,જે.સી.બી, બે ટ્રક બે મઝદાની મદદથી પાર પાડવામાં આવેલ છે.

TOP

## સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં ડી.પી./ટી.પી. ના રીઝર્વેશન હેઠળના પ્લોટોની અધિકારીઓની જવાબદારી

અગાઉ સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં ડી.પી./ટી.પી. ના રીઝર્વેશન હેઠળના પ્લોટોમાં કોઈ પણ બાંધકામ ન થાય અને યથાવતપરિસ્થિતિ જળવાઈ રહે તે માટે દરેક ઝોનના અધિકારીઓએ સ્થળ ચકાસણી કરી સ્થળ અંગે માહિતી મેળવવાની સુચના આપવામાં આવી હતી. તથા ગેરકાયદેસર બાંધકામ માલુમ પડે તો તાત્કાલીક દુર કરવાની સુચના આપવામાં આવેલ. જે સંદર્ભમાં આજ રોજ મ્યુ. કમિશનર તરફથી ઝોનના અધિકારીઓને તાકીદ કરવામાં આવેલ છે. હવે જે તે ઝોનના જે તે ડી.પી./ટી.પી. વિસ્તારના અધિકારી/જુનીયર ઈજનેર/આસી. ઈજનેર કક્ષાના અધિકારીએ ૧૦૦% ચેકીંગ કરવાનું તેમજ ડે. ઈજનેર કક્ષાના અધિકારીએ ૨૫% તેમજ ઝોનલ અધિકારીએ ૧૫% ચેકીંગ કરવાની સુચના આપવામાં આવેલ છે.

વધુમાં તમામ રીઝર્વેશન હેઠળના પલોટો જેનો કબજો મહાનગરપાલિકાને મળેલ હોય કે મળવાનો બાકી હોય તે બધા પ્લોટોની સ્થળ ચકાસણી કરવાની જવાબદારી લાગત વિસ્તારના અધિકારી/જુ. ઈજનેર/આસી. ઈજનેરને સોંપી તે ચકાસણી કર્યાની જાણ પખવાડીયે એક વાર કરવાની રહેશે અને પ્લોટની ચકાસણી કરી પ્લોટની સ્થળ સ્થિતિની નોંધ રજીસ્ટરમાં બનાવી રજીસ્ટર નિભાવવાનું રહેશે. તથા તે દર માસે ઉપલા અધિકારીને સહી માટે રજુ કરવાનું રહેશે.

માર્ચ ૩૧, ૨૦૦૮ સુધીમાં દરેક ઝોનમાં આવેલ તમામ ડી. પી./ટી.પી. માં આવેલ રીઝર્વેશન પ્લોટોના સ્થળ સ્થિતિની વિડીયોગ્રાફી તથા ફોટોગ્રાફી કરાવવી તથા રીઝર્વેશન પ્લોટોની બાઉન્ડ્રી સ્થળ પર માર્કિંગ કરવાનું રહેશે તથા તબકકાવાર બાઉન્ડ્રી પર ફેન્સીંગ કરવું તથા સુરત મહાનગરપાલિકાનો પ્લોટ છે તે અંગેનું બોર્ડ મુકવું. જે રીઝર્વેશન પ્લોટોનો કબજો લેવાનો બાકી હોય તે પ્લોટના રસ્તા તરફે સૂચિત રીઝર્વેશનનો ઉલ્લેખ કરી બોર્ડ લગાવવું. ટી. પી. અધિનિયમની કલમ ૪૮ અને ૪૦ અન્વયે ડ્રાફટ સ્કીમ મંજુર થયા બાદ રસ્તા ઉપરાંત ડ્રેનેજ, સુએઝ, લાઈટ અને વોટર સપ્લાય માટે મળેલ સત્તાની રૂએ કબજો મેળવી ટાઉન પ્લાનીંગ વિભાગને જાણ કરવાની રહેશે. જે ટી. પી. સ્કીમની પ્રિલિમનરી સ્કીમ મંજુર થયેલ છે તેવા તમામ હેતુના રીઝર્વેશન પ્લોટોનો કાયદાકીય રીતે જમીન માલિકો પાસેથી કબજો લેવો. વાણિજય હેતુ માટે કોઈ બાંધકામ થયા હોય કે ઝુપડપટ્ટી થઈ હોય તો તે દુર કરવાની રહેશે. તે જ પ્રમાણે સુડાના કાર્યક્ષેત્રમાંથી સુરત મહાનગરપાલિકામાં તબદીલ થયેલા વિસ્તારના રીઝર્વેશન પ્લોટની બાજુમાં આવેલ જમીનમાં વિકાસ પરવાનગી મંજુર કરવામાં આવેલ છે કે કેમ? તેની વિગતો તૈયાર કરી આવા પ્લોટો ઉપર નિયમ મુજબ બાંધકામ થાય છે કે કેમ? તેની પણ ચકાસણી કરવાની રહેશે. તમામ ઝોન વિસ્તારમાં ડી. પી./ટી.પી સ્કીમ હેઠળના રીઝર્વેશનના પ્લોટમાં ગેરકાયદેસર બાંધકામ ન થાય તેનું સઘન ચેકીંગ કરવા તથા ગેરકાયદેસર બાંધકામ અટકાવવા.

ધી બી. પી. એમ. સી. એકટ, ૧૯૪૯ અને ગુજરાત રાજયના ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એકટ, ૧૯૭૬ની જોગવાઈ હેઠળ મળેલ સત્તા મુજબ કાર્યવાહી કરવા સુચના આપવામાં આવેલ છે.

TOP